**સોગંદ આપ્યા.....**

**ફરીયાદી જયદેવભાઈ મનહરદાન ગઢવીની આંક–૪ની સરતપાસ લગત આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એચ.કે. વ્યાસ**

(૧) એ વાત ખરી છે કે હું અને આરોપી બંન્ને એક જ જ્ઞાતિના છીએ. એ વાત ખરી છે કે એક જ જ્ઞાતિના હોય એકબીજાને ઓળખીએ છીએ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી હળવદ રહેવા આવ્યા પછી ઓળખું છું. હું ૭–૮ વર્ષથી આરોપીને ઓળખું છું. મારા નામે કોઈ ખેતીની જમીન આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાના નામે ખેતીની જમીન આવેલ છે. મારા પિતાના નામે ૩૫ વીઘા ખેતીની જમીન આવેલ છે. આ ૩૫ વીઘા તમામ જમીન પીયત છે. એ વાત ખરી છે કે તેના ૭–૧૨નું રેકર્ડ આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારા પિતાના નામે ૩૫ વીઘા ખેતીની જમીન આવેલી છે તેવી વિગત મારી ફરીયાદમાં લખેલ નથી. મારા પિતાને ૩ સંતાન છે જેમાં અમે બે ભાઈ અને એક બહેન છે. એ વાત ખરી છે કે હું ૭–૮ વર્ષ પહેલા આરોપીને ઓળખતો ન હતો. હું આરોપીના ઘરની વિગતોમાં તે કયાં રહે છે,તેમના માતા પિતાનું નામ શું છે તે જાણું છું. મે તા. ૧૨/૧૨/૨૦૨૪ના રોજ ફરીયાદવાળી રકમ આરોપીને આપેલી. મારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, હળવદ શાખામાં મારા પોતાના નામનું ખાતુ છે. હું મારા ખાતાનું સ્ટેટમેન્ટ રજુ કરવા ખુશી છું. હું કોર્ટ જે તારીખ આપે તે મુદતે સ્ટેટમેન્ટ રજુ રાખવા ખુશી છું.

(૨) મે ફરીયાદમાં દર્શાવેલ રકમ રોકડમાં આપેલી ખાતામાંથી ઉપાડીને આપેલા નહીં. એ વાત ખરી છે કે સને ૨૦૨૪ પહેલાના બે વર્ષના મારા પિતાની માલીકીના ખેતરની જમીનમાં શું ખેતીનો પાક થયેલો અને તેમાંથી કેટલી રકમ મળેલી તે દર્શાવતા દસ્તાવેજી પુરાવા મે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં મે એવું દર્શાવેલ છે કે જે દિવસે મે આરોપીને પૈસા આપ્યા તે દિવસે જ આરોપીએ મને ફરીયાદમાં દર્શાવેલ ચેક આપેલો.

સવાલ :– જે દિવસે ચેક આપ્યો તે દિવસે તમારે આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણુ ન હતું?

જવાબ :– મારે પૈસા લેવાના હતા, મે જે દિવસે આરોપીને પૈસા આપ્યા તે દિવસે જ આરોપીએ મને આ ચેક આપેલો.

સવાલ :– જે દિવસે તમે કહેવાતા પૈસા આરોપીને આપ્યા તે જ દિવસે આરોપીએ તમને કહેવાતો ચેક આપ્યો તે પહેલાનું તમારે આરોપી પાસેથી કોઈ કાયદેસરનું લેણું બાકી ન હતું?

જવાબ :– હતું, તા.૧૨/૧૨/૨૦૨૪ પહેલાનું કાયદેસરનું લેણુ ન હતું.

હું વર્ષે ૩૦–૩૨ લાખ રુપીયાની આવક ધરાવું છું. હું ઈન્કમટેક્ષ ભરતો નથી. હું ખેતીમાં થતા પાકના ચોપડા નીભાવતો નથી. હું આવકના ચોપડા રાખતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારે ન્યાં ને ન્યાં દઈ દેવાનું હોય છે. મને એ વાતની ખબર નથી કે વાર્ષિક પાંચ લાખ કરતા વધુની આવક ઉપર ઈન્કમટેક્ષ ભરવો પડે છે. એ વાત ખરી છે કે ૩૦–૩૨ લાખની ખેતીની આવક થયેલ છે તે મારા બાપુજીના નામની ખેતીની જમીનમાં થયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાજી તો નિવૃત છે અને ખેતી હું કરું છું તેથી તે મારી આવક ગણાય.

સવાલ :– સને ૨૦૨૪ પહેલાની ૩૫ વીઘાની તમારા પિતાની ખેતીની જમીનમાં છેલ્લા ૩ વર્ષમાં થયેલ ઉપજનીપજ અને પાકની વિગતો તેમજ આવકની વિગતોનું સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી? કરવા માંગો છો?

જવાબ :– ના.

એ વાત ખરી છે કે મારી ફરીયાદના પેરા ૨ માં આરોપીને આપેલા પૈસા *ફરીયાદીના પોતાના તેમજ અમારા સગા સંબંધી અને મીત્રો પાસેથી હાથ ઉછીના મેળવીને આપેલા* તેવી વિગત લખાવેલ છે.

એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં સગા સંબંધીના નામ તેમજ મીત્રોના નામ દર્શાવેલ નથી.
(૩) એ વાત ખરી છે કે આ સગા સંબંધી અને મીત્રો શું ધંધો કરતા હતા તેની વિગતો ફરીયાદમાં લખેલ નથી. હું આ મીત્રોના નામ, સરનામા જરુર પડયે તો હું રજુ કરવા ખુશી છું. હું હવે પછીની મુદતે આ નામ, સરનામા જાહેર કરીશ.
આ તબકકે ફરીયાદીના બેંકના ખાતાનું સ્ટેટમેન્ટ તથા સગા સંબંધી તેમજ મીત્રોના નામ,સરનામા જાહેર થયેથી વધુ ઉલટતપાસ માટે મુલત્વી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૪/૦૭/૨૦૨૬
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ